# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)


ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી

અમરેલી-૩૬૫૬૦૧

ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨


**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

**#AmritMahotsav**

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૯૩/૨૦૨૨**

**તા. ૨૯-૧૧-૨૦૨૨**

**અમરેલી જીલ્લાની તા. 30/11/2022 થી 04/12/2022 ની હવામાન આગાહી:**

| # | હવામાન પરિબળો | 30/11/2022 | 01/12/2022 | 02/12/2022 | 03/12/2022 | 04/12/2022 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 32 | 32 | 32 | 32 | 32 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 14 | 14 | 14 | 15 | 16 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 27 | 33 | 40 | 38 | 27 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 14 | 18 | 18 | 19 | 18 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 10.9 | 11.9 | 9.6 | 9.2 | 13 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 36<br>ઇશાન | 58<br>પૂર્વ ઇશાન | 68<br>પૂર્વ ઇશાન | 30<br>ઉત્તર ઇશાન | 56<br>ઇશાન |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 2 | 2 | 0 | 2 | 3 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

**હવામાન સારાંશ**

અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન સુકુ અને આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે. આગામી ૫ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન **૩૨-૩૩** °સે અને લઘુત્તમ તાપમાન **૧૪-૧૬** °સે જેટલું રહેવાની શક્યતા છે.

**પવનની ગતિ સામાન્ય, અંદાજીત ૯-૧૩ કિમી/કલાક સુધી ની રહેવાની શક્યતા છે. દિશા મોટાભાગે ઇશાન રહેવાની શકયતા છે.**

**આગોતરું અનુમાન:** તા. **૦૫ થી ૧૦ ડીસેમ્બર** દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હવામાન ચોખ્ખું રહેવાની શક્યતા છે. **વરસાદની કોઈ શક્યતા નથી**. મહત્તમ તાપમાન અને લઘુતમ તાપમાન સામાન્ય રહેવાની શક્યતા છે.

**સામાન્ય કૃષિ સલાહ**

→ મરઘા ફાર્મમાં મરઘાઓના રક્ષણ માટે રાત્રીના સમયે તાપમાન જાળવવા માટે બલ્બનો ઉપયોગ કરવો

→ રાત્રીના સમયે ઠંડા પવનથી રક્ષણ આપવા માટે પશુઓને ખુલ્લી જગ્યાએ બાંધવા નહી.

→ હાલ પવનની ગતિ વધુ હોય ત્યારે જંતુનાશકોનો છંટકાવ કરવો નહી.

→ જમીનની પરિસ્થિતિ અનુસાર શિયાળુ પાકોને હળવું પિયત આપવું.

**SMS**

→ રાત્રીના સમયે ઠંડા પવનથી રક્ષણ આપવા માટે પશુઓને ખુલ્લી જગ્યાએ બાંધવા નહી.

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| **અજમો** | | વાવેતર | • અજમાના વાવેતર માટે સુધારેલી જાત ગુ.અજમો-૨નું વાવેતર કરવું<br>• હેક્ટર દીઠ બીજની વાવણી ૧.૫ થી ૨.૦ કિ.ગ્રા. ૩૦-૪૫ સે.મી.ના ગાળે વાવણી કરવી.<br>• વાવણી બાદ તરત જ હળવું પિયત આપવું. |
| | | નીંદણ નિયંત્રણ | • અસરકારક નીંદણ નિયંત્રણ માટે પેન્ડીમીથાલીન ૧.૦૦ કિ.ગ્રા./હે. (૩.૩૩૩ લિ.) દવાનો ઉપયોગ વાવણી બાદ તરત જ પાક ઉગ્યા પહેલાં ૨-૩ દિવસમાં છંટકાવ કરવો. |
| **લસણ** | | ખાતર | • ૨૫ કિ.ગ્રા. નાઇટ્રોજન પૂર્તિ ખાતર તરીકે વાવણીનાં એક મહિના પછી આપવો. |
| | | આંતરખેડ અને નિંદાણ નિયંત્રણ | • ફેરરોપણી બાદ ૨૦ અને ૪૦ દિવસે એમ બે વખત હાથથી નીંદામણ કરવું. |
| **રાઈ/ રાયડો** | **ખેત આયોજન અને જાત પસંદગી** | ખાતર | • પૂર્તિ ખાતર માટે ૨૫ કિલો નાઇટ્રોજન પાક જ્યારે ફૂલદાંડી અસ્થાએ હોય ત્યારે એટલે કે અંદાજે વાવણી પછી ૩૫ થી ૪૦ દિવસે આપવો. આ સમયે જમીનમાં પુરતો ભેજ હોવો જરૂરી છે. આ માટે ૫૪ કિલો યુરિયા અથવા ૧૨૫ કિલો એમોનિયમ સલ્ફેટનો ઉપયોગ કરવો. |
| | | આંતરખેડ અને નિંદાણ નિયંત્રણ | • રાઇ ની બિનપિયત ખેતી પદ્ધતિમાં એકાદ આંતરખેડ તેમજ નિંદામણનીજરૂર પડે છે. જ્યારે પિયત પાકમાં પાક ૨૦ સે.મી. ઊંચાઇનો થાય ત્યાર પછી જરૂરિયાત પ્રમાણે આંતરખેડ કરી હાથથી નીંદામણ કરવું. |
| **ચણા** | **ખેત આયોજન અને જાત પસંદગી** | ખાતર | • ચણાના મૂળમાં રાઇઝોબિયમ જીવાણુની પ્રવૃત્તિ ૨૧ દિવસોમાં શરૂ થાય છે, તેથી છોડ પોતે જ હવાનો નાઇટ્રોજન વાપરવાની શક્તિ મેળવી લે છે. ચણાને આ કારણથી પૂર્તિ ખાતરની જરૂર નથી. ઘણા ખેડૂતો પિયત ચણામાં પૂર્તિ ખાતર તરીકે યુરિયા આપે છે જેથી ખોટો ખર્ચ થાય છે. ઉપરાંત તેનાથી નુકસાન થાય છે. આમ વધારાનું નાઇટ્રોજન ખાતર આપવાથી છોડની વધુ પડતી વાનસ્પતિક વૃદ્ધિ થાય છે. આવા છોડમાં ફૂલો પણ મોડાં બેસે છે તેથી ચણામાં પૂર્તિ ખાતર ક્યારેય ન આપવું. |
| **ઘઉં** | **ખેત આયોજન અને જાત પસંદગી** | વાવેતર | • સમયસર વાવણી (૧૫ થી ૨૫ નવેમ્બરઃ લોક-૧, જી.ડબલ્યુ-૩૬૬, ૪૫૧, ૪૯૬<br>• મોડી વાવણીઃ (૨૬ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર): જી.ડબલ્યુ-૧૭૩, ૧૧, લોક-૧૧ |
| | | ખાતર | • મધ્યમ પોટાશ ધરાવતી જમીનમાં મગફળી (ખરીફ) – ઘઉં (રવિ) પાક પદ્ધતિમાં ઘઉંના પાકને પ્રતિ હેક્ટરે ૩૦ કી. ગ્રા. પોટાશ (૧૫ કિગ્રા પાયાના ખાતર તરીકે અને ૧૫ કિગ્રા ૩૦ દિવસે ) આપવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે.<br>• પાયના ખાતર તરીકે ૧૩૦ કી.ગ્રા ડીએપી, ૧૫ કિ.ગ્રા. યુરીયા અને ૧૦૦ કિ.ગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ આપવું,<br>• જમીનમાં લોહ અને જસતનું પ્રમાણ ખામીયુક્ત અથવા મધ્યમ હોય તો ૧૫ કિગ્રા ફેરસ સલ્ફેટ અને ૮ કી.ગ્રા ઝીંક સલ્ફેટ પાયાના ખાતર તરીકે વાવણી વખતે દર વર્ષે જમીનમાં આપવું. |
| | | નિંદામણ નિયંત્રણ | • ઘઉંના પાકમાં હાથથી નિંદણ નિયંત્રણ હિતાવહ છે. આમ છતાં મજૂરોની અછત હોય તો,<br>• **વાવ્યા પછી અને ઉગાવા પહેલા (પ્રી-ઇમરજન્સ):** પેન્ડીમિથાઈલ દવા ૧૦ લીટર પાણીમાં ૫૫ મિ.લી. પ્રમાણે ઓગાળી વાવેતરના પિયત બાદ ૪૮ કલાકની અંદર છંટકાવ કરવો.<br>• **વાવ્યા પછી અને ઉગાવા બાદ (પોસ્ટ ઇમરજન્સ):** ઉભા પાકમાં પહોળા પાનવાળા નિંદામણનું પ્રમાણ વધારે હોય તો વાવેતર બાદ ૩૦ થી ૩૫ દિવસે મેટા સલ્ફ્યુરોન ૮ ગ્રામ પ્રતિ ૧૦૦ લીટર પાણી એટલે કે ૦.૮ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગાળી અથવા ૧૨ ગ્રામ ૨, ૪-ડી (એસ્ટર ફોર્મ) નિંદામણનાશક દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. |
| **ધાણા** | | નિંદામણ અને આંતરખેડ | • નીંદામણના ઉપદ્રવને ધ્યાનમાં રાખીને ૨-૩ આંતરખેડ અને બે હાથ નીંદામણ જરૂરિયાત રહે છે. જ્યાં મજૂરની અછત અને નીંદામણ વધારે હોય ત્યારે વાવણી બાદ તુરત જ નીંદણનાશક દવાઓ જેવી કે પેન્ડીમીથેલીન ૧.૦ કિ.ગ્રા. સક્રિય તત્વ અથવા ફ્લ્યુક્લોરાલીન ૦.૯ કિ.ગ્રા. |

| | | |
|---|---|---|
| | | સક્રિય તત્વ પ્રતિ હેક્ટર પ્રમાણે વાવણી પહેલાં છંટકાવ કરી પિયત આપવું અથવા વાવણી બાદ પિયત આપી, બે દિવસ બાદ છંટકાવ કરવો. |
| **જીરું** | પિયત | • જીરૂના પાકમાં પ્રથમ પિયત વાવણી બાદ તૂરત જ આપવું.<br>• જીરૂનો ઉગાવો ૧૧ થી ૧૨ દિવસે થતો હોવાથી સારા ઉગાવા માટે બીજુ પિયત જમીનની પ્રત પ્રમાણે ૮ થી ૧૦ દિવસે સમયસર આપવું.<br>• ત્રીજુ પિયત નીંદામણ કર્યા બાદ ૩૦ દિવસે આપવું અને ચોથું પિયત ૫૦ દિવસે આપવું. |
| | નિંદામણ અને આંતરખેડ | • જીરૂના પાકમાં જીરાળો નીંદામણ મોટાભાગે જોવા મળે છે. જીરાળાના નિયંત્રણ માટે વાવણી બાદ ૨૫ થી ૩૦ દિવસે અને ૫૦ થી ૬૦ દિવસે હાથથી નીંદામણ કરી નીંદણમુક્ત રાખી શકાશે.<br>• જીરૂને ઘણીવાર પૂંખીને વાવેતર કરવામાં આવે છે તેથી તેમાં રાસાયણિક પદ્ધતિથી નીંદણ નિયંત્રણ કરવું આવશ્યક બને છે. આ પદ્ધતિમાં પેન્ડીમિથેલીન ૧.૦ કિ.ગ્રા. સક્રિય તત્ત્વ હેકટરે ૫૦૦ થી ૬૦૦ લિટર પાણીમાં ઓગાળી વાવણી પછી પ્રથમ પિયત બાદ જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે પાકના ઉગાવા પહેલા એકસરખી રીતે જમીન પર છંટકાવ કરવો. |
| | પાક સંરક્ષણ | • મોલોમશીનો ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવાનો છંટકાવ કરવો.<br>• ભૂકીછારા રોગના નિયંત્રણ માટે વહેલી સવારે ૩૦૦ મૈશનો ગંધક પાવડર હેક્ટરે ૧૫ થી ૨૦ કી.ગ્રા.અથવા પ્રોપીકોનેઝોલ અથવા હૈકઝાકોનેઝોલ ૧૦ મી.લી દવા ૧૦લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>• જીરૂમાં ચરમી રોગના નિયંત્રણ માટે પાક ૩૦ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૭૫% વેટેબલ પાવડર ૨૫ ગ્રામ અથવા એઝોક્સીસ્ટ્રોબીન ૨૩ એસસી ૧૦ મિ.લી. અથવા પ્રોપીનેબ ૭૦ વે.પા.૧૫ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઇસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી જરુયાત મુજબ છંટકાવ કરવો. |
| **શાકભાજી** | ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ | • ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી અથવા ડીડીવીપી ૭૬ ઈસી ૫ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | પાન કથીરી | • રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો ઈથીઓન ૫૦ ટકા ઇસી ૧૫ મિલી અથવા પ્રોપરગાઇટ ૫૭ ઇ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| **પશુપાલન**<br> | | • પશુને ઠંડીથી બચાવવા ગોળ ખવડાવવો.<br>• પશુઓના સ્વાસ્થ્યની તપાસ કરાવવી.<br>• નાના બચ્ચાને સમયાંતરે કૃમિનાશક દવાઓ આપવી.<br>• બાવલાના રોગો માટેની સારવાર કરાવવી. |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના **હવામાન આધારિત કૃષિ સલાહ** અંગેના તાલુકા મુજબના **વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે** તમારા તાલુકા પર ક્લિક કરો.

**જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU),** ગ્રામીણ કૃષિ મૌસમ સેવા )GKMS(, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, અમરેલી૩૬૫૬૦૧-, ફોન નં૦૨૭૯૨ ૨૨૭૧૨૨ .

| | |
|---|---|
| **અમરેલી જીલ્લો** | https://chat.whatsapp.com/JAWflDrsNIgKE1Z2EYAkMq |

# District Agrometeorological Unit (DAMU)


## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122


Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

**#AmritMahotsav**

**Join our Telegram channel and block wise WhatsApp groups**

## Amreli District Agromet Advisory Service bulletin. No. 093 (2022)
## Date:29-11-2022

**Weather Forecast from 30/11/2022 to 04/12/2022**

| # | Parameter | 30/11/2022 | 01/12/2022 | 02/12/2022 | 03/12/2022 | 04/12/2022 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 32 | 32 | 32 | 32 | 32 |
| 3 | Min.Temp.(°C) | 14 | 14 | 14 | 15 | 16 |
| 4 | RH-I (%) | 27 | 33 | 40 | 38 | 27 |
| 5 | RH-II (%) | 14 | 18 | 18 | 19 | 18 |
| 6 | Wind Speed (kmph) | 10.9 | 11.9 | 9.6 | 9.2 | 13 |
| 7 | Wind Direction(deg.) | 36 | 58 | 68 | 30 | 56 |
| | | NE | ENE | ENE | NNE | ENE |
| 8 | Total CC (octa) out of 8 | 2 | 2 | 0 | 2 | 3 |

**Note: Above forecast is the average situation of whole district**

## Agro-Advisory

**Weather Summery**

- The weather in Amreli District is likely to be dry and partly cloudy in next 5 days. No probability of rainfall in district in next five days. The minimum temperature is likely to be 18-19 °C. The maximum temperature is likely to be 32-33° C in next five days.
- Wind direction likely from NNE to ENE in next 5 days **with gusts of 09 to 13 km/h.**
- Extended Range Forecast: No probability of rainfall over the Saurashtra and Kutch region on 05 to 10 December. Maximum temperature and minimum temperature likely normal on period of extended range forecast.

**General Advisory**

→ Make arrangements to protect livestock from cold winds. Make use of bulbs to maintain proper temperature in the poultry house.

→ To protect animals from cold winds, keep cattle indoors at night time

| | |
|---|---|
| | → Do not spray due to windy conditions<br>→ Apply light irrigation to Rabi crops according to soil condition. |
| **SMS Advisory:** | → To protect animals from cold winds, keep cattle indoors at night time. |

| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| **Ajwain** | | Sowing | • Recommended variety: Gujarat Ajwain-2.<br>• Seed rate: 1.5 to 2.0 kg/ha.<br>• Spacing: 30 to 45 cm.<br>• Apply light irrigation after sowing. |
| | | Weed management | • For effective weed control apply spray of pendimethalin @ 1 kg a.i. (3.333 lit.) per hectare as a pre-emergence. |
| **Mustard** | **Land Preparation and sowing** | Fertilizer | • Apply Nitrogen @ 25 kg/ha as a supplementary dose at the time of flowering stage i.e. approximately 35 to 40 days after sowing. The soil needs to have enough moisture at this time. For this apply urea @ 54 kg or ammonium sulphate @ 125 kg/ha.<br>• Apply gypsum @ 250 kg/ha or Sulphur @ 40 kg/ha if there is a deficiency of sulphur in soil and choose SSP Fertilizer for the fulfilment of phosphorus, Apply zinc sulphate and Ferrous sulphate<br>• If there is a deficiency of sulphur in the soil, Apply at the time of sowing in the form of gypsum at the rate of 250 kg / ha or 40 kg of sulphur and for chemical fertilizers choose single super phosphate for the fulfilment of phosphorus. |
| | | Interculturing and Weed management | • One hand weeding and one interculturing is required in non irrigated mustard, and several weeding and interculturing are required as per the need after the the plant hight is reached 20 cm. |
| **Garlic** | | Fertilizer | • Apply 25 kg Nitrogen fertilizer at one month after sowing as supplementary dose. |
| | | Interculturing and Weed management | • Two hand weeding 20 and 40 days after transplanting are recommended. |
| **Chickpea** | **Land Preparation and Variety selection** | fertilizer | • The activity of Rhizobium bacteria in chickpea roots starts in 21 days, so the plant itself acquires to use nitrogen from the air. Chickpeas do not need adequate fertilizer for this reason. Many farmers apply urea as |

| | | | |
|---|---|---|---|
| | | | a supplement to irrigated chickpeas at a wrong cost. It also causes damage. Thus giving excessive nitrogen fertilizer leads to excessive vegetative growth of the plant. Such plants also have late flowering so never apply supplement fertilizer dose to chickpeas. |
| **Wheat** | **Land Preparation and Variety selection** | Sowing | • Sowing the timely variety of wheat when maximum temperature down at 32 to 34 °C and minimum temperature lies between 18 to 20 °C.<br>• Timely Sowing: (15th to 25th November): Lok-1, GW-366, 496.<br>• Late sowing: (26th November to 10th September): GW-173,11 and Lok-11. |
| | | Fertilizer | • Farmers can gain more economic benefit by application of Potassium @ 30 kg (15 kg as a basal dose and 15 kg as supplement dose at 30 days after sowing) for soil having medium range of potash and previous crop is groundnut in kharif.<br>• Apply DAP @ 130 kg, Urea @ 15 kg and MOP @ 100 kg per hectare as a basal dose.<br>• Apply zink sulphate @ 8 kg and Ferus sulphate @ 15 kg every year if there are deficiency of zinc and iron. |
| **Corriender** | | Weeding and Interculturing | • Two hand weeding and 2 to 3 interculturing operations are recommended, Or Apply pendimethaline 1.0 kg a.i or fluchloralin 0.9 kg a.i/ha as a pre-emergence if there is shortage of labour. |
| **Cumin** | | Irrigation | • Apply light irrigation after sowing.<br>• Apply second irrigation 8 to 10 days after sowing since, germination of the crop at 11 to 12 days. |
| | | Weeding and Interculturing | • Keep crop weed free by doing weedng at 25 to 30 and 50 to 60 days after sowing.<br>• If there is sowing of the crop is done by broadcasting method then apply Pendimethalin @ 1.0 kg a.i. in 500 to 600 liters of water as a pre-emergence for the weed control. |
| | | | • |

| | | | |
|---|---|---|---|
| **Vegetable Crops** | **Seedling, Vegetative and Fruiting** | Shoot & Fruit borer | • In brinjal and tomato crops, monitoring of borers by using pheromone traps 4-6 per acre is advised. For control of shoot and fruit borer in brinjal and tomato crops, infested fruits and shoots should be collected and buried into the soil. If insect population is above ETL then spraying of chlorantraniliprole18.5 % SC 3.0 ml or DDVP @ 7 ml/10 litre of water is advised. |
| | | Mites | • If infestation of mite is observed in brinjal, then spraying of Ethion 50 EC 15 ml or Propargite 57 % EC @ 10 ml/ 10 litre of water. |
| **Livestock**  | | | • Feed jaggary to the animals for the preventing from the cold.<br>• Regular health check-up to the animals.<br>• Periodically give deworming to the young calf.<br>• Getting treatment for mastitis diseases. |

**Subject Matter Specialist**
**Agrometeorology**

**Click your block to join whatsapp group of DAMU**

| | |
|---|---|
| Amreli District | https://chat.whatsapp.com/JAWflDrsNIgKE1Z2EYAkMq |